©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 09th OCTOBER, 2025/ASHVINA 17, 1947 [Issue No. 41

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	939-952	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	4135-4250
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :

(1) Notification NO. GK/120/2017/CCA/102017/4149/D, dated 21-12-2017 of Legal Department, Gandhinagar

(2) This office Notification No. B/Adm/5471/2024, dated 29-06-2024

(3) Hon'ble High Court of Gujarat Notification No. A. 0705(II)/2025(8), dated 10-05-2025.

NOTIFICATION

No. B/Adm/3873/2025.-In view of Legal Department Notification referred above at Sr. No. 1 and This Office Notification reffered above at Sr. No. 2, the Additional Senior Civil Judge, Mundra holds his court sitting at Mandvi from date 16th to 30th of every month, for transaction of suits and proceedings of a civil nature from areas of villages of Mandvi Taluka in Kachchh District, with effect from 16th July, 2024. On account of transfer of the Additional Senior Civil Judge, Mundra as per Hon'ble High Court of Gujarat Notification referred above, the undersigned is pleased to nominate the Principal Senior Civil Judge, Mundra, to hold his court sitting at Mandvi from date 16th to 30th of every month, for transaction of suits and proceedings of a civil nature from the areas of villages of Mandvi Taluka in Kachchh District, with effect from 19th May, 2025.

Kachchh-Bhuj, 15th May, 2025.

A. L. Vyas
Principal District Judge
Kachchh at Bhuj

NOTIFICATION

No. UHC/05/2025.-The following are the results of the Departmental Examination held on 07-07-2025, 08-07-2025 & 09-07-2025, in the Family Court, Rajkot.

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025

The following candidate are declared successful at the Lower Standard Departmental Examination held on 07-07-2025, 08-07-2025 & 09-07-2025, and his name is arranged as per his merit.

1. Mr. R. D. Rathod, Assistant, Family Court, Rajkot.
2. Mr. P. H. Jadeja, Assistant, Family Court, Rajkot.
3. Mr. S. K. Bavaliya, Assistant, Family Court, Rajkot.

Rajkot, 13th September, 2025.

B. S. Parmar
Principal Judge
Family Court, Rajkot.

Read :

1) Hon'ble High Court of Gujarat Circular No. D.2917/2009, dated 20-07-2009.

(2) Legal Department, Sachivalaya, Gandhinagar Notification No. GK/05/LD/DAC/e-file/12/2025/1368/D, dated 19-03-2025.

(3) Hon'ble High Court of Gujarat Letter No. A.0702/1965 dated 25-03-2025

(4) District Court, Surendranagar, Notification No. A.1/89/2023, dated 06-01-2023.

NOTIFICATION

No. IB/A.1/3703/2025.-The undersigned is pleased to modify the notification cited in the preamble at Sr. No. 4 and appoint the 4th Additional District & Sessions Judge, Surendranagar at District Head Quarter as the "Special Judge" for their respective jurisdiction to deal with the cases under the Prevention of Corruption Act, 1988 other than the offences which are investigated by the Delhi Special Police Establishment for the purpose of the speedy trial and disposal of such cases in accordance with law with immediate effect, till further order.

Surendranagar, 01st July, 2025.

K. R. Upadhyay
Principal District Judge,
Surendranagar

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનુ જાહેરનામુ

નં. એમએજી/ગ્રા.પં. ચૂંટણી/ડ્રાય ડે/૧૨/૨૦૨૫.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાનાર છે. જેની મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ થનાર છે.

ચૂંટણી સંદર્ભે ન્યાયી પ્રકિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે તેમજ ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ દ્વારા પત્ર ક્રમાંક : સી/એલ.આઈ. બી./જાહેરનામુ/૨૫૧૧/૨૦૨૫, તા. ૦૬-૦૬-૨૦૨૫ થી ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં મતદાન પુરૂ કરવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન દારૂ કે તેના જેવા નશાકારક પદાર્થના વેંચાણ પર પ્રતિબંધ મુકવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

આમ, ઉપરોકત વિગતે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત યોગ્ય અને વ્યાજબી જણાતી હોય, ગીર સોમનાથ જિલ્લામાં જુન-૨૦૨૫માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી સંદર્ભે તા. ૨૦-૦૬-૨૦૨૫ના રોજ સાંજના ૦૫-૦૦ કલાક થી તા. ૨૨-૦૫-૨૦૨૫ના સાંજના ૦૭-૦૦ કલાક સુધીના સમય તથા મત ગણતરીના દિવસ તા. ૨૫-૦૬-૨૦૨૫ના આખો દિવસ અને જો પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના દિવસે ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં

આવેલી વિદેશી દારૂના વેંચાણના પરવાના (એફ.એલ.૧, એફ.એલ.૨ અને એફ.એલ.૩) તથા નશાકારક વેંચાણના પરવાના હેઠળના વેંચણા પર હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ ફરમાવુ છું. અને ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં 'ડ્રાય ડે' જાહેર કરૂ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા--૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબીત થયેથી છ માસની કેદ અગર રૂા. ૨૫૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૦ માહે : જુન-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આ જાહેરનામુ બહાર પાડેલ છે.

જૂનાગઢ, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

એન. વી. ઉપાધ્યાય
જિલ્લા મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) મુજબની સત્તાઓ સુપ્રત કરવા બાબત

હુકમ

નં. ડી.એમ./૧૯૧૩/૨૦૨૫.-બોટાદ જિલ્લાની રચના થયા બાદ બોટાદ જિલ્લામાં સભા, સરઘસ, રેલી, ધરણા, સત્યાગ્રહ, ઉપવાસ આંદોલન, કોઈપણ પ્રકારના દેખાવો તથા સાર્વજનિક વિનોદ માટેના સંગીતના, નૃત્યના, નકલ કરવાના અથવા નાટ્યાભિનયના અથવા બીજા કાર્યક્રમોનું મંજુરી આપવા અથવા નિયમન કરવા માટેની સત્તાઓ સુપ્રત થયેલ નથી.

જેથી ઉકત બાબતો અંગે મંજુરી માટે આવતી અરજીઓ પરત્વે ઝડપથી તથા સમય મર્યાદામાં કાર્યવાહી કરી શકાય તે હેતુસર તથા વહીવટી સરળથા ખાતર નીચેની કક્ષાએ સત્તા સુપ્રત કરવી આવશ્યક જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(૬) મુજબ સભા, રેલી, ઉપવાસ આંદોલન, ધરણા, સત્યાગ્રહ કોઈ પણ પ્રકારના દેખાવો વગેરે તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩-૨ (ય-ક)(૧) મુજબ સાર્વજનિક વિનોદ માટેના સંગીતના, નૃત્યના, નકલ કરવાના અથવા નાટ્યાભિનયના અથવા બીજા કાર્યક્રમોનું લાયસન્સ આપવા અથવા નિયમન કરવા માટેની અત્રેને પ્રાપ્ત સત્તાઓ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓને તેઓનાં કાર્યક્ષેત્ર વિસ્તાર માટે સુપ્રત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

કોષ્ટક

શહેર/ ગામનું નામ	અભિપ્રાય આપનાર અધિકારીશ્રી	મંજુરી આપનાર અધિકારીશ્રી
બોટાદ શહેર	પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, બોટાદ(ટાઉન)	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોટાદ (શહેર)
બોટાદ તાલુકો	સંબંધિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટરશ્રી,	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોટાદ (ગ્રામ્ય)
ગઢડા તાલુકો	સંબંધિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટરશ્રી,	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગઢડા
બરવાળા તાલુકો	સંબંધિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટરશ્રી,	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બરવાળા
રાણપુર તાલુકો	સંબંધિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટરશ્રી,	મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાણપુર

બોટાદ, ૧૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. ડી.એમ./જાહેરનામું/વશી/૧૪૧૦/૨૦૨૫.-રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૫૧(ગઢડા-બોટાદ રોડ) પર ગોરડકા ગામ ખાતે કિમી ૧૦૧+૭૦૦ પર આવેલ મેજર બ્રિજ અંદાજિત ૫૦ વર્ષ પહેલા માર્ગ અને મકાન વિભાગ(રાજય), ભાવનગર દ્વારા બનાવવામાં આવેલ છે. તા. ૧૧-૦૭-૨૦૨૫ ના રોજ માર્ગ અને મકાન વિભાગ, આલેખન વર્તુળ, ગાંધીનગરના તાંત્રિક અધિકારી દ્વારા અત્રેના વિભાગના તાંત્રિક અધિકારી સાથે સદર બ્રિજના ઈન્સપેકશન કરવામાં આવેલ. જે અન્વયે આલેખન વર્તુળના તાંત્રિક અધિકારીશ્રી દ્વારા સદર બ્રિજ પર ભારે/મોટા વાહનોની અવર જવર પર પ્રતિબંધ કરવા હાઈટ બેરીયર મુકવા સલાહ આપેલ છે. હાલની માળખાકીય પરિસ્થિતિ જે Poor Category માં હોય જન સલામતીની તાત્કાલિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે સદર બ્રિજ પર ભારે/મોટા વાહનોને ઉપયોગમાં લેવો જોખમી જણાય છે, જેથી સદર બ્રિજને જાહેર હિતાર્થે ભારે/મોટા વાહનો માટે તાત્કાલિક અસરથી બંધ કરવા તેમજ અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટના તા. ૧૬-૦૭-૨૦૨૫ના પત્ર નં. પીબી/રાધોમાવિરા/લીંબડી/એનએચ-૫૧/૨૦૨૫/૧૬૩૬ ના પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે. જેથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ સદર બ્રિજને ભારે/મોટા વાહનો માટે તાત્કાલિક બંધ કરવા તેમજ આ બ્રિજ પર ચાલતા વાહનોને અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવુ આવશ્યક જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું ડો. જીન્સી રોય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૫૧(ગઢડા-બોટાદ રોડ) પર ગોરડકા ગામ ખાતે કિમી ૧૦૧+૭૦૦ પર આવેલ મેજર બ્રિજને જાહેર હિતાર્થે તાત્કાલિક અસરથી ભારે/મોટા વાહનો માટે બંધ કરવા તેમજ આ બ્રિજ પરથી પસાર થતાં મોટા/ભારે વાહનો માટે બંધ કરવા તેમજ આ બ્રિજ પરથી પસાર થતાં મોટા/ભારે વાહનો પરનો ટ્રાફિક ડાયવર્ટ કરવા અર્થે નીચે જણાવ્યા મુજબ વૈકલ્પિક રસ્તાઓ ઉપયોગમાં લેવા ફરમાવું છું.

બોટાદથી ગઢડા અને ગઢડા અને ગઢડાથી બોટાદ તરફ જતા વાહનોમાંથી LMV/LCV/2 Wheeler વાહનો ધોરીમાર્ગ-૫૧ના ગોરડકા ગામના કેરી નદી પરના બ્રિજ પરથી પસાર થઈ શકશે.

વૈકલ્પિક રૂટ-૧

બોટાદ થી ગઢડા તરફ જવા તાજપર-પાટી-નિંગાળા-ઉગામેડી-ગઢડા તરફ.

વૈકલ્પિક રૂટ-૨

ગઢડા બોટાદ તરફ આવવા માટે ગઢડા-ઉગામેડી-નિંગાળા-પાટી-તાજપર-બોટાદ તરફ.

હાલ મોર્થ દ્વારા ઢસા-ગઢડા-બોટાદ-રાણપુર-લીંબડી રોડના અપગ્રેડ્શન પ્રોજેકટની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના ડી.પી.આર.માં સદર બ્રિજના નવા બાંધકામનો સમાવેશ થયેલ છે. આમ, આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સદર બ્રિજના બાંધકામની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

જેથી ઉકત સ્થળે વાહન ચાલકોની સલામતી માટે ડાયવર્ઝન સ્થળ પર જરૂરી સાઈનબોર્ડ તથા બેરીકેટીંગ તથા હાઈટ બેરીયર મુકવા જરૂરી સાધન સામગ્રી લગાવી અકસ્માત ન થાય તેની કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટએ તકેદારી રાખવાની રહેશે. તેમજ ઉકત બ્રિજનું કાર્ય પૂર્ણ થયે જાહેરનામાની અમલવારી મુલતવી રાખવા દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના બંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટએ ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૭-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. ડી.એમ./જાહેરનામું/વશી/૧૪૧૧/૨૦૨૫.-રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૫૧(ઢસા-ગઢડા રોડ) પર પાટણા ગામ ખાતે કિમી ૭૭+૧૦૦ પર આવેલ માઈનોર બ્રિજ અંદાજિત ૫૦ વર્ષ પહેલા માર્ગ અને મકાન વિભાગ(રાજય), ભાવનગર દ્વારા બનાવવામાં આવેલ છે. તા. ૧૨-૦૭-૨૦૨૫ ના રોજ માર્ગ અને મકાન વિભાગ, આલેખન વર્તુળ, ગાંધીનગરના તાંત્રિક અધિકારી દ્વારા અત્રેના વિભાગના તાંત્રિક અધિકારી સાથે સદર બ્રિજના ઈન્સપેકશન કરવામાં આવેલ. જે અન્વયે આલેખન વર્તુળના તાંત્રિક અધિકારીશ્રી દ્વારા સદર બ્રિજ પર ભારે/મોટા વાહનોની અવર જવર પર પ્રતિબંધ કરવા હાઈટ બેરીયર મુકવા સલાહ આપેલ છે. હાલની માળખાકીય પરિસ્થિતિ જે Poor Category માં હોય જન સલામતીની તાત્કાલિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે સદર બ્રિજ પર ભારે/મોટા વાહનોને ઉપયોગમાં લેવો જોખમી જણાય છે, જેથી સદર બ્રિજને જાહેર હિતાર્થે ભારે/મોટા વાહનો માટે તાત્કાલિક અસરથી બંધ કરવા તેમજ અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટના તા. ૧૬-૦૭-૨૦૨૫ના પત્ર નં. પીબી/રાધોમાવિરા/લીંબડી/એનએચ-૫૧/૨૦૨૫/૧૬૩૭ ના પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે. જેથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ સદર બ્રિજને ભારે/મોટા વાહનો માટે તાત્કાલિક બંધ કરવા તેમજ આ બ્રિજ પર ચાલતા વાહનોને અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવુ આવશ્યક જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું ડો. જીન્સી રોય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૫૧(ઢસા-ગઢડા રોડ) પર પાટણા ગામ ખાતે કિમી ૭૭+૧૦૦ પર આવેલ માઈનોર બ્રિજને જાહેર હિતાર્થે તાત્કાલિક અસરથી ભારે/મોટા વાહનો માટે બંધ કરવા તેમજ આ બ્રિજ પરથી પસાર થતાં મોટા/ભારે વાહનો માટે બંધ કરવા તેમજ આ બ્રિજ પરથી પસાર થતાં મોટા/ભારે વાહનો પરનો ટ્રાફિક ડાયવર્ટ કરવા અર્થે નીચે જણાવ્યા મુજબ વૈકલ્પિક રસ્તાઓ ઉપયોગમાં લેવા ફરમાવું છું.

ગઢડા થી ઢસા અને ઢસાથી ગઢડા તરફ જતાં વાહનોમાંથી LMV/LCV/2 Wheeler વાહનો ધોરીમાર્ગ-૫૧ના પાટણા ગામના માઈનોર બ્રિજ પરથી પસાર થઈ શકશે.

વૈકલ્પિક રૂટ-૧

ગઢડાથી ઢસા તરફ જવા ગઢડા-અડતાળા-લાખણકા-ખોપાળ-રામણકા-ઉજલવાવ-દડવા-ધોળા-લીમડા-માંડવા-ઢસા તરફ.

વૈકલ્પિક રૂટ-૨

ઢસાથી ગઢડા તરફ જવા માટે ઢસા-માંડવા-લીમડા-ધોળા-દડવા-ઉજલવાવ-રામણકા-ખોપાળા-લાખણકા-અડતાળા-ગઢડા તરફ.

હાલ મોર્થ દ્વારા ઢસા-ગઢડા-બોાદ-રાણપુર-લીંબડી રોડના અપગ્રેડ્શન પ્રોજેકટની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના ડી.પી.આર.માં સદર બ્રિજના નવા બાંધકામનો સમાવેશ થયેલ છે. આમ, આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સદર બ્રિજના બાંધકામની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

જેથી ઉકત સ્થળે વાહન ચાલકોની સલામતી માટે ડાયવર્ઝન સ્થળ પર જરૂરી સાઈનબોર્ડ તથા બેરીકેટીંગ તથા હાઈટ બેરીયર મુકવા જરૂરી સાધન સામગ્રી લગાવી અકસ્માત ન થાય તેની કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટએ તકેદારી રાખવાની રહેશે. તેમજ ઉકત બ્રિજનું કાર્ય પૂર્ણ થયે જાહેરનામાની અમલવારી મુલતવી રાખવા દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના બંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટએ ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૭-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. ડી.એમ./જાહેરનામું/વશી/૧૪૦૯/૨૦૨૫.-બોટાદ સેકશન ખાતે આવેલ છૈડા પાળીયાદ બોટાદ રોડ, એસ.એચ ૨૧, કિ.મી ૨૪/૦૦ થી ૫૦/૦૦ રસ્તો સુરેન્દ્રનગર તથા બોટાદ જિલ્લાને જોડતો અગત્યનો સ્ટેટ હાઈવે રોડ છે, જેમાં હાલમાં આ રસ્તા પર આવેલ વિવિધ સ્ટ્રકચરને સરકારશ્રી દ્વારા ચાર માર્ગીયકરણ રસ્તા અર્થે વાઈડનીંગ કવા તથા ન્યુ કન્સ્ટ્રકશન કરવા અંગેની કામગીરી મંજૂર થયેલ છે. જે અંતર્ગત

તા. ૩૦-૦૬-૨૦૨૫ ના રોજ લગત ઈજારદારને વર્ક ઓર્ડર સુપ્રત કરવામાં આવેલ છે. સદર રસ્તા પર ચેઈનેજ ૩૨/૫૦૦ થી ૩૨/૬૦૦ પર આવેલ ગોમા બ્રિજ હાલમાં જર્જરીત હાલતમાં હોઈ આગામી સમયમાં વાહન વ્યવહાર અર્થે ઉપયોગમાં લેવો જોખમી જણાય છે, જેથી સદર બ્રિજને જાહેર હિતાર્થે તાત્કાલિક અસરથી બંધ કરવા તેમજ અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવા કાર્યપાલક ઈજનરેશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજય), બોટાદના તા. ૧૫-૦૭-૨૦૨૫ ના પત્ર નં. પીબી/૭૪૩/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. જેથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ ગોમા બ્રિજને તમામ વાહનો માટે તાત્કાલિક બંધ કરવા તેમજ આ બ્રિજ પર ચાલતા વાહનોને અન્ય માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવુ આશ્યક જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું ડો. જીન્સી રોય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, છૈડા પાળીયાદ બોટાદ રોડ, એસ.એચ ૨૧ પર ચેઈનેજ ૩૨/૫૦૦ થી ૩૨/૬૦૦ પર આવેલ ગોમા બ્રિજને જાહેર હિતાર્થે તાત્કાલિક અસરથી બંધ કરવા તેમજ બ્રિજ બંધ થવાથી હયાત રસ્તા પરનો ટ્રાફિક ડાયવર્ટ કરવા અર્થે નીચે જણાવ્યા મુજબ વૈકલ્પિક રસ્તાઓ ઉપયોગમાં લેવા ફરમાવુ છું.

વૈકલ્પિક રૂટ-૧

બોટાદ જિલ્લા તરફથી સુરેન્દ્રનગર જિલ્લા તરફ આવવા જવા માટે બોડી-પાળીયાદ-વીંછિયા રોડ સ્ટેટ હાઈવે નં.-૦૧ આવેલ બાબરકોટ ગામથી છૈડા-પાળીયાદ-બોટાદ રોડ સ્ટેટ હાઈવે નં.-૨૧ પર આવેલ રતનપર ગામ તરફ જઈ સુરેન્દ્રનગર તરફ.

(૧) બાબરકોટ થી પાળીયાદ રોડ, ઓ.ડી.આર, કિમી ૦/૦૦ થી ૩/૦૦ (ડામર સપાટીની પહોળાઈ ૩.૭૫ મીટર)

(૨) પાળીયાદ થી ગઢડીયા રોડ, ઓ.ડી.આર કી.મી. ૦/૦ થી ૧/૦૦ (ડામર સપાટીની પહોળાઈ ૩.૭૫ મીટર)

વૈકલ્પિક રૂટ-૨

બોટાદ જિલ્લા તરફથી સુરેન્દ્રનગર જિલ્લા તરફ આવવા જવા માટે બોડી-પાળીયાદ-વીંછિયા રોડ સ્ટેટ હાઈવે નં.-૦૧ આવેલ કુંભારા ગામથી છૈડા-પાળીયાદ-બોટાદ રોડ સ્ટેટ હાઈવે નં.-૨૧ પર આવેલ રતનપર ગામ તરફ થઈ સુરેન્દ્રનગર તરફ

(૧) કુંભારા ગામથી થી કલ્યાણપરા રોડ, ઓ.ડી.આર, કિ.મી ૦/૦૦ ૩/૦૦ (ડામર સપાટીની પહોળાઈ ૩.૭૫ મીટર)

(૨) કલ્યાણપરા એપ્રોચ રોડ વી.આર કી.મી. ૦/૦ થી ૧/૦૦ (ડામર સપાટીની પહોળાઈ ૩.૭૫ મીટર)

(૩) નાના પાળીયાદ થી ગઢડીયા રોડ ઓ.ડી.આર કી.મી. ૦/૦ થી ૦૪/૦૦ (ડામર સપાટીની પહોળાઈ ૩.૭૫ મીટર)

(૪) ગઢડીયા થી રતનપર રોડ ઓ.ડી.આર કી.મી. ૦/૦ થી ૦૬/૦૦ (ડામર સપાટીની પહોળાઈ ૩.૭૫ મીટર)

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી બ્રિજની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

જેથી ઉકત સ્થળે વાહન ચાલકોની સલામતી માટે ડાયવર્ઝન સ્થળ પર જરૂરી સાઈનબોર્ડ તથા બેરીકેટીંગ તથા હાઈટ બેરીયર મુકવા જરૂરી સાધન સામગ્રી લગાવી અકસ્માત ન થાય તેની કા.ઈ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), બોટાદએ તકેદારી રાખવાની રહેશે. તેમજ ઉકત બ્રિજનું કાર્ય પૂર્ણ થયે જાહેરનામાની અમલવારી મુલતવી રાખવા દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના બંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), બોટાદએ ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૭-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ડૉ. જીન્સી રોય
જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ

હુકમ

નં. મેજી-૨/ગણેશ મહોત્સવ/જાહેરનામુ/૨૨૦૮/૨૦૨૫.-ઈ.ચા. પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના જાવક નં. એલ.આઈ.બી./ગણેશ/જા. નામું./૪૮૦/૨૦૨૫, તા.૨૧-૦૮-૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્ત મુજબ મોરબી જિલ્લામાં દર વર્ષની જેમ આ વર્ષે શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. જેથી તા. ૨૭-૦૮-૨૦૨૫ ના રોજ ગણપતિની મુર્તિની સ્થાપના થયા બાદ ગણપતિ વિસર્જન સુધીના સમય દરમ્યાન ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાનાર છે. બાદ ગણપતિ સ્થાપના સ્થળથી વિસર્જન સરઘસ કાઢી મૂર્તિઓને પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં અમુક ભાવીકો દ્વારા સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મૂર્તિઓને સ્થાપના કર્યાના ત્રીજા દિવસે, પાંચમા દિવસે, સાતમા દિવસે અને મોટા ભાગના ભાવીકો દ્વારા તા. ૦૬-૦૯-૨૦૨૫ ના રોજ મૂર્તિઓના વિસર્જન સરઘસ કાઢી ગણેશજીની મૂર્તિઓને તળાવ/નદીમાં પધરાવી વિસર્જન કરવામાં આવે છે.

આ મહોત્સવને અનુલક્ષીને મૂર્તિકારો દ્વારા અગાઉથી મૂર્તિઓ તૈયાર કરવામાં આવે છે મુર્તિઓની ઉંચાઈ બાબતે સેન્ટ્રલ પોલ્યુશન બોર્ડની ગાઈડ લાઈન મુજબ ઉંચાઈ નકકી કરવા તેમજ જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા બાબતે, ઉપરાંત મુર્તિઓ બનાવવા માટે કેમિકલ યુકત રંગોનો ઉપયોગ થતો હોય આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીના વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણી જન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મૂર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને લઈ ગણેશ મહોત્સવ નિમિતે મુર્તિ સ્થાપના/વિસર્જનના કારણે પર્યાવરણ જાળવણી/કુદરતી જળ સ્ત્રોતોમાં થતુ પ્રદુષણ અટકાવવા તેમજ જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અમોને વ્યાજબી જણાય છે.

જેથી ઉકત બાબતમાં સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૧૪-૦૮-૨૦૨૪ ના પત્ર નં. ENV-10-2010-1004-Part-II

(2021)/T ની સુચના મુજબ તથા નામ. ગુજરાત હાઈકોર્ટની સુચના આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું કે. બી. ઝવેરી, I.A.S., જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લો, મોરબી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મોરબીની હકુમત હેઠળ આવતા સમગ્ર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા ફરમાવુ છું.

: પ્રતિબંધિત કૃત્યો :

૧. ભગવાનશ્રી ગણેશજીની મુર્તિઓ બનાવવા માટે સિન્થેટીક તથા પ્લાસ્ટર ઓફ પેરીસ તેમજ કેમીકલયુકત રંગોનો ઉપયોગ કરવો નહી.

૨. સક્ષમ સ્થાનિક સત્તામંડળે મૂર્તિ વિસર્જન માટે સુનિશ્ચિત કરેલ સ્થળ સિવાયની કોઈપણ જગ્યાએ મૂર્તિ વિસર્જન કરવું નહીં. તેમજ મૂર્તિ વિસર્જન માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને નામ. હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવેલ પધ્ધતિ સિવાયની કોઈપણ પધ્ધતિથી મૂર્તિ વિસર્જન થઈ શકશે નહી. મૂર્તિઓના વિસર્જન સમયે પીવાના પાણીના ઉપયોગ માટે લેવાતા જળસ્ત્રોતો જેવા કે ડેમ, તળાવ, નદી, કુવામાં કે સમુદ્રમાં મૂર્તિ વિસર્જન થઈ શકશે નહી.

૩. મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરનાર છે તે જગ્યા તથા મુર્તિ જે જગ્યાએ વેચાણ માટે રાખનાર છે તે જગ્યાની નજીકમાં તથા આજુબાજુમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવી નહી તેમજ મૂર્તિઓના બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવો નહીં.

૪. શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણમાં લીધેલ અથવા ખંડીત થયેલ મૂર્તિઓને સ્થાપના બાદ બિનવારસી હાલતમાં મુકવી નહીં.

૫. કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર તેમજ સ્થાપના કરવી નહીં.

૬. ગણેશ વિસર્જન પુર્ણ થયા બાદ સ્થાપના સ્થળો ખાતે મંડપો એક દિવસ કરતાં વધુ દિવસ સુધી રાખવા નહીં.

૭. મૂર્તિઓને વિસર્જન કર્યા બાદ પાણીમાંથી બહાર કાઢી પરત લઈ જવી નહીં.

૮. સક્ષમ સતાધિકારીની પૂર્વ મંજુરી વગર ગણેશ વિસર્જન કે અન્ય ધાર્મિક સરઘસ કાઢવું નહીં.

૯. સરઘસ યોજવા અંગેની પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર સરઘસ કાઢવા નહીં.

૧૦. આયોજકોએ બેઠકની ઉંચાઈ સહિત ૧૨(બાર) ફુટથી વધારે ઉંચાઈની ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવી નહી. તેમજ વિસર્જન સરઘસમાં સામેલ વાહન સહિત ગણેશજીની પ્રતિમાની ઉંચાઈ ૧૫(પંદર) ફુટથી વધારે રાખવી નહી.

નિયામકશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર નં. ENV-10-2010-1004-Part-II (2021)/T તા. ૧૪-૦૮-૨૦૨૪ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરિયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૦૯-૦૫-૨૦૧૩ના હુકમ તથા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શીકા ધ્યાને લેતા ઉપર મુજબના પ્રતિબંધ આ હુકમની તારીખથી તા. ૦૬-૦૯-૨૦૨૫ સુધીની મુદ્દત માટે અમલમાં રહેશે.

ઉકત જણાવેલ જોગવાઈઓ સરકારશ્રીના ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય ટ્રીબ્યુનલની વખતો-વખતની સુચના માર્ગદર્શન મુજબ ફેરફારને આધિન તથા સંબંધિતોને બંધનકર્તા રહેશે.

આ હુકમનો અનાદર, ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની સમગ્ર મોરબી જિલ્લાના વિસ્તારમાં બહોળી પ્રસિધ્ધી કરાવવી. તમામને વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોય, આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારું પોલીસ વિભાગ હસ્તકની જિલ્લાની તમામ કચેરીઓના નોટીસ બોર્ડ ઉપર ચોટાડી, તેમજ જિલ્લા પંચાયત હસ્તકની તમામ કચેરીઓ અને ગ્રામ પંચાયતોના નોટીસ બોર્ડ ઉપર તથા મહેસુલી કચેરીઓના નોટીસ બોર્ડ ઉપર આ જાહેરનામાની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરાવવી, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૨૨, માહે ઓગષ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડવામાં આવ્યું.

મોરબી, ૨૨ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/વન-વે/જાહેરનામું/૧૩૦૮/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના પત્ર ક્રમાંક : પીબી/રોડ/૧૯૮૩, તા. ૨૭-૦૭-૨૦૨૫ થી માર્ગ અને મકાન હસ્તકના ટંકારા તાલુકામાં આવેલ લતીપર સાવડી રોડ કિ.મી ૨૯/૦૦ પર આજી નદી પર આવેલ મેજર બ્રિજ પર મરામતની કામગીરી પૂર્ણ ના થાય ત્યાં સુધી બારે ટ્રકો કે અન્ય ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ કરવા અંગેનું જાહેરનામું બહાર વૈકલ્પિક રોડ સહીતની દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, કાર્યપાલક ઈજરનેશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના પત્રની વિગતે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, મોરબીનો અભિપ્રાય મંગાવતા, પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : જી.ટ્રા./વાહન/પ્રતિબંધ/અહેવાલ/૭૯૭/૨૫, તા. ૦૫-૦૮-૨૦૨૫ના પત્રની વિગતે આજી નદી પર આવેલ મેજર બ્રિજની મરામતની ૪ માસની કામગીરી દરમ્યાન ટંકારા લતીપર ચોકડી થી ધ્રોલ-જામનગર તરફ જતા ભારે વાહનો માટે વૈકલ્પિક રસ્તો ટંકારા લતીપર ચોકડી થી મીતાણા તથા મીતાણા થી પડધરી તથા પડધરી થી ધ્રોલ થઈ જામનગર જઈ શકશે તેમજ સદરહું બ્રિજનો સામેનો છેડો જામનગર જિલ્લાના

ધ્રોલ પોલીસ સ્ટેશન કાર્યક્ષેત્રમાં આવતો હોય, જેથી આ બાબતે જામનગર જિલ્લામાં લાગુ કચેરીને જાણ કરી અભિપ્રાય મેળવવા તેમજ ભારે વાહનોની આવક જામનગર જિલ્લા તરફથી બંધ કરાવવા જણાવેલ હોવાથી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : જે/એમએજી-૨/ટંકારા/બ્રિજ/જાહેરનામું/૭૦૮/૨૦૨૫, તા. ૦૭-૦૮-૨૦૨૫ થી આ કામે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરનો અભિપ્રાય મંગાવતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરના પત્ર નં. ડીએમ/ડીસીએચ/૧૨૦૮-૦૧/૨૦૨૫, તા. ૧૨-૦૮-૨૦૨૫ થી આ કામે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉકત બાબતો ધ્યાને લેતા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબી તરફથી મળેલ દરખાસ્ત પરત્વે આ કામે પોલીસ અધિક્ષકશ્રી, મોરબી અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરના અભિપ્રાય મુજબ હું, કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી, અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ ટંકારા લતીપર સાવડી રોડ કિ.મી. ૨૯/૦૦ પર આજી નદી પર આવેલ મેજર બ્રિજ પર મરામતની કામગીરી શરૂ કરવાની હોવાથી આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ થી કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ભારે ટ્રકો કે અન્ય ભારે વાહનોના પ્રતિબંધ કરવા બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભારે વાહન માટેના વૈકલ્પિક રસ્તા :

૧. જામનગર થી આવતા વાહનો ધ્રોલ થી પડધરી મીતાણા ટંકારા થઈને મોરબી આવી શકાશે તથા ધ્રોલ થી NHAI ના ચારમાર્ગીય રસ્તાથી પીપળીયા ચોકડી થી મોરબી અને કચ્છ જઈ શકાશે.

૨. કચ્છ તરફથી આવતા વાહનો મોરબી બાયપાસ થી પીપળીયા ચોકડી થી NHAI ના રસ્તા પરથી આમરણ ધ્રોલ થઈને શકાશે તથા મોરબી થી મીતાણા પડધરી થઈને ધ્રોલ જામનગર થઈ શકાશે.

મુકિત :

અત્રેથી પૂર્વ મંજૂરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાંની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૧૪, માહે ઓગષ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૧૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

કે. બી. ઝવેરી
જિલ્લા મેજિસ્ટ્રેટ
મોરબી જિલ્લા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૫૬/સીબી-૫/ફાયરીંગ/બટ/૭૪૨/૨૦૨૫, તા. ૦૪-૦૯-૨૦૨૫

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૭૭૨/૨૦૨૫.-વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી જિલ્લાના તમામ અધિકારીશ્રીઓ તથા પોલીસ કર્મચારીઓનું વાર્ષિક સને-૨૦૨૫ની ફાયરીંગ પ્રેકટીસના અનુસંધાને અત્રેના જિલ્લામાં આવેલ વાંકીયા ફાયરીંગ બટ ખાતે તા. ૦૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૧-૦૯-૨૦૨૫ સુધી દિન-૧૫ માટે તથા તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૧૫-૧૧-૨૦૨૫ સુધી દિન-૩૦ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન તકેદારીના ભાગરૂપે જી.પી.એકટ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉકત વિગતો યોગ્ય હોવાની મને ખાત્રી થયેલ છે અને સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો : અમરેલી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૦૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૧-૦૯-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમિયાન મોજે બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી રે.સ.નં. ૬૦૧, હે.૩-૮૮-૬૩ ચો.મ.વાળી જમીન કે જે અત્રેના હુકમ નં. ચિ/જમન/૧/વશી/૯૭૪૪/૨૦૨૧, તા. ૦૬-૧૨-૨૦૨૧ થી ફાયરીંગ બટ માટે મુકરર થયેલ છે તેને ચાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી કરાયેલ છે તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી તમામ રાહદારીઓને અવર જવર કરવા પર પ્રવેશબંધી ફરમાવું છું.

આ હુકમ ફરજ પરનાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામું તા. ૦૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૧-૦૯-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી, નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૦૬ સપ્ટેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

ગુજરાત પોલિસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૬/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં

કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૨૪-૦૬-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૯-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૦૯ માહે જુન, સને ૨૦૨૫.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-૧૦૫૭૯૯/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આગસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે આગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૪-૦૮-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૧-૦૮-૨૦૨૫ થી તા. ૨૪-૦૮-૨૦૨૫ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે

તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૭-૦૮-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૭ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-94356/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આગસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે આગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૪-૦૯-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૦-૦૯-૨૦૨૫ થી તા. ૨૩-૦૯-૨૦૨૫ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૯-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/૯૪૩૧૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/ફાયરિંગ/જા.ના./૧૫૪૫/૨૦૨૫, તા. ૦૫-૦૯-૨૦૨૫ થી ઈન્ડીયન કોસ્ટગાર્ડના CGAE (PBD) Veraval and ICGS Pipavav, ICGS Porbandar & 1322 DCS PLATOON (PBD) જવાનોને ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૨૪-૦૯-૨૦૨૫ થી તા. ૨૬-૦૯-૨૦૨૫ના દિવસ-૦૩ (ત્રણ) માટે સમય ક. ૦૬-૩૦ થી ક. ૦૭-૩૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૪-૦૯-૨૦૨૫ થી તા. ૨૬-૦૯-૨૦૨૫ ના કુલ દિવસ-૦૩(ત્રણ) માટે સમય ક. ૦૬-૩૦ થી ક. ૦૭-૩૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉતર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજ બાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૦૯-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.નં.૧૪૩૬/રેલ્વે/જા.ના./સપ્ટે.-ઓકટો/૨૫.-શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર ઓવરબ્રીજના કામે અત્રેથી તા. ૩૧-૦૭-૨૦૨૫ ના જાહેરનામાથી શિહોરથી ઘાંઘળી તરફ તેમજ ઘાંઘળીથી શિહોર શહેર તરફ

આવતા-જતાં વાહનો માટે ડાયવર્ઝન રૂટ અંગેનું તા. ૦૧-૦૯-૨૦૨૫ ની મુદત સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહુ ઓવરબ્રીજની કામગીરી અંદાજીત ૧૬(સોળ) માસ સુધી સતત ચાલુ રહેવાની હોય ઉકત જાહેરનામાની મુદતમાં વધારો કરી આપવા Manager(Pro.), PIU, Bhavnagar, GUDC ના તા. ૧૮-૦૮-૨૦૨૫ ના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્તની વિગતે જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર રેલ્વે ઓવરબ્રીજના કામે તા. ૦૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ સુધી શિહોરથી ઘાંઘળી તરફ તેમજ ઘાંઘળીથી શિહોર શહેર તરફ આવતા વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ફરમાવું છું.

➢ **માત્ર ટુ-વ્હીલર તથા ફોરવ્હીલ વાહનોની અવરજવર માટે :**

(૧) શિહોરથી વાયા શિહોર GIDC થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી વાયા નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

(૨) વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ઘાંઘળીથી વાયા નેસડા ગામ થઈ શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

➢ **મોટા વાહનોની અવર-જવર માટે :**

(૧) શિહોરથી વાયા શિહોર GIDC થઈ ધાંધળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી રાજપરા (ખોડીયાર) થી નવાગામ (ચીલોડા) થી રંગોલી ચોકડી થઈ ભાવનગર-વલ્લભીપુર હાઈવે રોડ ઉપર કરદેજથી ઉંડવીથી નેસડાથી ઘાંઘળી તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

(૨) વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ઘાંઘળીથી નેસડાથી ઉંડવીથી કરદેજથી રંગોલી ચોકડી થઈ ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર નવાગામ (ચીલોડા) થી રાજપરા (ખોડીયાર) થી શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનમાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૮-૦૮-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.નં.૧૪૩૬/ઈ-૭૩૬૧/માલણ નદી/૨૫.-મહુવા તાલુકાના ગોરસ કાળેલા રોડ (ચે ૦/૦૦ થી ૩/૮૦૦) માં માલણ નદી પર આવેલ બ્રિજમાં વિઝયુઅલ ઈન્સ્પેકશન દરમ્યાન ક્ષતિ જણાયેલ હોય કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જાનમાલની હાનિ ન થાય તેની તકેદારીના ભાગરૂપે સદરહુ માઈનોર બ્રિજને કામચલાઉ ધોરણે ભારે વાહનો બંધ કરી વૈકલ્પિક રસ્તા પરથી ભારે વાહનો પસાર કરવા પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મહુવાના તા. ૦૧-૦૯-૨૦૨૫ ના પત્રથી અભિપ્રાયસહ દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત અનુસાર જાહેર હિતને ધ્યાનમાં લેતા જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી મહુવા તાલુકાના ગોરસ કાળેલા રોડ (ચે ૦/૦૦ થી ૩/૮૦૦) માં માલણ નદી પર આવેલ બ્રિજ ક્ષતિગ્રસ્ત હોય લોકસલામતીને ધ્યાને લઈ આ બ્રિજ પર ચાલતા ભારે વાહનો માટે તા. ૦૫-૦૯-૨૦૨૫ થી તા. ૦૪-૧૦-૨૦૨૫ સુધી આ રસ્તો બંધ કરી ડાયવર્ઝન રૂટ ઉપરથી ભારે વાહનો પસાર કરવા ફરમાવું છું.

ભારે વાહનોની અવરજવર માટે નીચે મુજબ ડાયવર્ઝન રૂટ રહેશે.

➢ **ગોરસ-કુંભણ-કાળેલા રોડ (વી.આર. રોડ)**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનમાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૪-૦૯-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૦૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ, (ગુ.રા.), ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.૧૨૬/સરવે અધિકારી/૨૦૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૪) જિલ્લા નિરિક્ષક જમીન દફતરશ્રી, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ/સ્વામિત્વ/દેશલપર/નખત્રાણા/એલ.આર.સી.-૧૨૬/૨૦૨૪, તા.૦૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. સિટીએસ-૫/ગુ.જ.મ. અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૧૨૬/સ્વામિત્વ/દેશલપર/નખત્રાણા/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલ્કતોનું સરવે કરવા સ્વામિત્વ Svamitwa (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોની માપણી કરી મિલકત ધારકોને રેકર્ડ ઓફ રાઈટસ આપવાનો ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો છે. આ યોજના થકી ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ રૂપે એક કાયદાકીય દસ્તાવેજ પ્રાપ્ત થશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૧) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના અને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૨) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ ગામોમાં મહેસૂલી સરવે દાખલ કરવા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસૂલ સરવે દાખલ કરવા ઠરાવવામાં આવે છે.

માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુ.રા.), ગાંધીનગરના વંચાણ-(૩)ના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬નું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે મુજબ મળેલ સત્તાની રૂએ સંદર્ભ-(૪) થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આ સાથેના સંધાણ મુજબ મોજે : દેશલપર, તા. : નખત્રાણા, જિ. : કચ્છના પત્રક ''અ'' મુજબ (ખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે, પત્રક ''બ'' મુજબ (બિનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા પત્રક ''ક'' મુજબ (સરકારી/ખરાબા/પંચાયત/ગૌચરના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૩૩-૧૭-૦૯ આરે તથા ગામતલનું (આકારબંધ મુજબ) ક્ષેત્રફળ હે. ૦૪-૬૬-૮૧ આરે મળીને કુલ ક્ષેત્રફળ હે. ૩૭-૮૩-૯૦ આરે વિસ્તારને બિડાણમાં રજુ થયેલ નકશામાં દર્શાવેલ લાલ લાઈન વાળા વિસ્તારને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ, (ગુ.રા.), ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.૧૨૬/સરવે અધિકારી/૨૦૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૪) જિલ્લા નિરિક્ષક જમીન દફતરશ્રી, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ/સ્વામિત્વ/સોનલવા/રાપર/એલ.આર.સી.-૧૨૬/૨૦૨૪, તા.૦૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. સિટીએસ-૫/ગુ.જ.મ. અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૧૨૬/સ્વામિત્વ/સોનલવા/રાપર/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલ્કતોનું સરવે કરવા સ્વામિત્વ Svamitwa (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોની માપણી કરી મિલકત ધારકોને રેકર્ડ ઓફ રાઈટસ આપવાનો ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો છે. આ યોજના થકી ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ રૂપે એક કાયદાકીય દસ્તાવેજ પ્રાપ્ત થશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૧) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના અને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૨) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ ગામોમાં મહેસૂલી સરવે દાખલ કરવા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસૂલ સરવે દાખલ કરવા ઠરાવવામાં આવે છે.

માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુ.રા.), ગાંધીનગરના વંચાણ-(૩)ના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬નું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે મુજબ મળેલ સત્તાની રૂએ સંદર્ભ-(૪) થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આ સાથેના સંધાણ મુજબ મોજે : સોનલવા, તા. : રાપર, જિ. : કચ્છના પત્રક ''અ'' મુજબ (ખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે, પત્રક ''બ'' મુજબ (બિનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા પત્રક ''ક'' મુજબ (સરકારી/ખરાબા/પંચાયત/ગૌચરના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૫-૮૦-૦૦ આરે તથા ગામતળનું (આકારબંધ મુજબ) ક્ષેત્રફળ હે. ૦૫-૧૯-૦૨ આરે મળીને કુલ ક્ષેત્રફળ હે. ૧૦-૯૯-૦૨ આરે વિસ્તારને બિડાણમાં રજુ થયેલ નકશામાં દર્શાવેલ લાલ લાઈન વાળા વિસ્તારને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ, (ગુ.રા.), ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.૧૨૬/સરવે અધિકારી/૨૦૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૪) જિલ્લા નિરિક્ષક જમીન દફતરશ્રી, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ/સ્વામિત્વ/સરસલા/રાપર/એલ.આર.સી.-૧૨૬/૨૦૨૪, તા.૦૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. સિટીએસ-૫/ગુ.જ.મ. અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૧૨૬/સ્વામિત્વ/સરસલા/રાપર/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલ્કતોનું સરવે કરવા સ્વામિત્વ Svamitwa (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોની માપણી કરી મિલકત ધારકોને રેકર્ડ ઓફ રાઈટસ આપવાનો ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો છે. આ યોજના થકી ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ રૂપે એક કાયદાકીય દસ્તાવેજ પ્રાપ્ત થશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૧) ના ઠરાવથી

દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના અને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૨) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ ગામોમાં મહેસૂલી સરવે દાખલ કરવા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસૂલ સરવે દાખલ કરવા ઠરાવવામાં આવે છે.

માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુ.રા.), ગાંધીનગરના વંચાણ-(૩)ના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬નું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે મુજબ મળેલ સત્તાની રૂએ સંદર્ભ-(૪) થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આ સાથેના સંધાણ મુજબ મોજે : સરસલા, તા. : રાપર, જિ. : કચ્છના પત્રક ''અ'' મુજબ (ખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે, પત્રક ''બ'' મુજબ (બિનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા પત્રક ''ક'' મુજબ (સરકારી/ખરાબા/પંચાયત/ગૌચરના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા ગામતળનું (આકારબંધ મુજબ) ક્ષેત્રફળ હે. ૦૪-૯૮-૫૦ આરે મળીને કુલ ક્ષેત્રફળ હે. ૦૪-૯૮-૫૦ આરે વિસ્તારને બિડાણમાં રજુ થયેલ નકશામાં દર્શાવેલ લાલ લાઈન વાળા વિસ્તારને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ, (ગુ.રા.), ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.૧૨૬/સરવે અધિકારી/૨૦૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૪) જિલ્લા નિરિક્ષક જમીન દફતરશ્રી, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ/સ્વામિત્વ/ગોવિદપર/રાપર/એલ.આર.સી.-૧૨૬/૨૦૨૪, તા.૦૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. સિટીએસ-૫/ગુ.જ.મ. અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૧૨૬/સ્વામિત્વ/ગોવિંદપર/રાપર/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલ્કતોનું સરવે કરવા સ્વામિત્વ Svamitwa (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોની માપણી કરી મિલકત ધારકોને રેકર્ડ ઓફ રાઈટસ આપવાનો ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો છે. આ યોજના થકી ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ રૂપે એક કાયદાકીય દસ્તાવેજ પ્રાપ્ત થશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૧) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના અને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૨) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ ગામોમાં મહેસૂલી સરવે દાખલ કરવા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસૂલ સરવે દાખલ કરવા ઠરાવવામાં આવે છે.

માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુ.રા.), ગાંધીનગરના વંચાણ-(૩)ના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬નું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે મુજબ મળેલ સત્તાની રૂએ સંદર્ભ-(૪) થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આ સાથેના સંધાણ મુજબ મોજે : ગોવિંદપર, તા. : રાપર, જિ. : કચ્છના પત્રક ''અ'' મુજબ (ખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે, પત્રક ''બ'' મુજબ (બિનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા પત્રક ''ક'' મુજબ (સરકારી/ખરાબા/પંચાયત/ગૌચરના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૭-૪૧-૦૦ આરે તથા ગામતળનું (આકારબંધ મુજબ) ક્ષેત્રફળ હે. ૦૨-૨૨-૫૮ આરે મળીને કુલ ક્ષેત્રફળ હે. ૦૯-૬૩-૫૮ આરે વિસ્તારને બિડાણમાં રજુ થયેલ નકશામાં દર્શાવેલ લાલ લાઈન વાળા વિસ્તારને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ, (ગુ.રા.), ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.૧૨૬/સરવે અધિકારી/૨૦૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૪) જિલ્લા નિરિક્ષક જમીન દફતરશ્રી, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ/સ્વામિત્વ/બાંભણસર/રાપર/એલ.આર.સી.-૧૨૬/૨૦૨૪, તા.૦૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. સિટીએસ-૫/ગુ.જ.મ. અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૧૨૬/સ્વામિત્વ/બાંભણસર/રાપર/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલ્કતોનું સરવે કરવા સ્વામિત્વ Svamitwa (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોની માપણી કરી મિલકત ધારકોને રેકર્ડ ઓફ રાઈટસ આપવાનો ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો છે. આ યોજના થકી ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ રૂપે એક કાયદાકીય દસ્તાવેજ પ્રાપ્ત થશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૧) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના અને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૨) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ ગામોમાં મહેસૂલી સરવે દાખલ કરવા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસૂલ સરવે દાખલ કરવા ઠરાવવામાં આવે છે.

માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુ.રા.), ગાંધીનગરના વંચાણ-(૩)ના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬નું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે મુજબ મળેલ સત્તાની રૂએ સંદર્ભ-(૪) થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આ સાથેના સંધાણ મુજબ મોજે : બાંભણસર, તા. : રાપર, જિ. : કચ્છના પત્રક ''અ'' મુજબ (ખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ

હે. ૦૦-૦૦-૦૦ આરે, પત્રક ''બ'' મુજબ (બિનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા પત્રક ''ક'' મુજબ (સરકારી/ખરાબા/પંચાયત/ગૌચરના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૧૬-૭૦-૦૦ આરે તથા ગામતળનું (આકારબંધ મુજબ) ક્ષેત્રફળ હે. ૦૬-૩૧-૩૦ આરે મળીને કુલ ક્ષેત્રફળ હે. ૨૩-૦૧-૩૦ આરે વિસ્તારને બિડાણમાં રજુ થયેલ નકશામાં દર્શાવેલ લાલ લાઈન વાળા વિસ્તારને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક સાહેબ, (ગુ.રા.), ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : એસ.વી.-૫/લે.રે.કો.૧૨૬/સરવે અધિકારી/૨૦૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૪) જિલ્લા નિરિક્ષક જમીન દફતરશ્રી, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ/સ્વામિત્વ/ખીરઈ/રાપર/એલ.આર.સી.-૧૨૬/૨૦૨૪, તા.૦૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. સિટીએસ-૫/ગુ.જ.મ. અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૧૨૬/સ્વામિત્વ/ખીરઈ/રાપર/૨૦૨૫-.ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલ્કતોનું સરવે કરવા સ્વામિત્વ Svamitwa (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોની માપણી કરી મિલકત ધારકોને રેકર્ડ ઓફ રાઈટસ આપવાનો ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો છે. આ યોજના થકી ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ રૂપે એક કાયદાકીય દસ્તાવેજ પ્રાપ્ત થશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૧) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના અને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના વંચાણ-(૨) ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ તમામ ગામોમાં મહેસૂલી સરવે દાખલ કરવા જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસૂલ સરવે દાખલ કરવા ઠરાવવામાં આવે છે.

માન. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (ગુ.રા.), ગાંધીનગરના વંચાણ-(૩)ના પરિપત્રથી જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬નું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે મુજબ મળેલ સત્તાની રૂએ સંદર્ભ-(૪) થી રજુ થયેલ દરખાસ્તની વિગતે આ સાથેના સંધાણ મુજબ મોજે : ખીરઈ, તા. : રાપર, જિ. : કચ્છના પત્રક ''અ'' મુજબ (ખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે, પત્રક ''બ'' મુજબ (બિનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા પત્રક ''ક'' મુજબ (સરકારી/ખરાબા/પંચાયત/ગૌચરના સરવે નંબરોની વિગત દર્શાવતુ પત્રક) ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૦૦ આરે તથા ગામતળનું (આકારબંધ મુજબ) ક્ષેત્રફળ હે. ૦૯-૬૮-૨૦ આરે મળીને કુલ ક્ષેત્રફળ હે. ૦૯-૬૮-૨૦ આરે વિસ્તારને બિડાણમાં રજુ થયેલ નકશામાં દર્શાવેલ લાલ લાઈન વાળા વિસ્તારને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એ. બી. જાદવ
સુપ્રિન્ટેડન્ડેન્ટ લેન્ડ રેકર્ડ
કચ્છ-ભુજ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૦૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2002-3011-CH.

(૩) અત્રેની કચેરીના Letter No. : DRCSAMR/0016/06/2025 Approved Date : 06-06-2025 થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક :સકક/ફડચ/ગ-૩/૨૦૨૫.-આથી હું એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આમુખમાં વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી જુનાસાવર મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. જુનાસાવર, તા. સાવરકુંડલા, જિ. અમરેલી (નોંધણી નંબર : ઉ-૭૨૮૦, તા. ૦૨-૦૫-૧૯૭૭) ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ૧૦૭(૧)(ક), (સી)(૨), (૪) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની નિમણુંક કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારીએ મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૦૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2002-3011-CH.

(૩) અત્રેની કચેરીના Letter No. : DRCSAMR/0066/07/2025 Approved Date : 01-08-2025 થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : સકક/ફડચ/ગ-૩/૨૦૨૫.-આથી હું એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આમુખમાં વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી મોટા ઝીંઝુડા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. મોટા ઝીંઝુડા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી (નોંધણી નંબર : ૫૫૦૯, તા. ૦૨-૧૧-૧૯૮૫) ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ૧૦૭(૧)(ક), (સી)(૨), (૪) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી કે. આર. ગઢીયા, ઓડીટર ગ્રેડ-૧, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની નિમણુંક કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારીએ મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૦૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2002-3011-CH.

(૩) અત્રેની કચેરીના Letter No. : DRCSAMR/0034/06/2025 Approved Date : 18-06-2025 થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : સકક/ફડચ/ગ-૩/૫૬૮ થી ૫૭૭/૨૦૨૫.-આથી હું એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આમુખમાં વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી ગાયત્રી મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. માળીલા, તા. અમરેલી, જિ. અમરેલી (નોંધણી નંબર : ૧૯૯, તા. ૦૩-૦૨-૧૯૮૩) ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ૧૦૭(૧)(ક), (સી)(૨), (૪) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફડચા), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની નિમણુંક કાયમ કરવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૦૭ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૦૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2002-3011-CH.

(૩) અત્રેની કચેરીના Letter No. : DRCSAMR/0035/04/2025 Approved Date : 19-04-2025 થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : સકક/ફડચ/ગ-૩/૨૦૨૫.-આથી હું એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આમુખમાં વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી જય ખોડીયાર ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી (નોંધણી નંબર સા : ૩૫૨૪, તા. ૨૮-૧૦-૧૯૯૩) ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ૧૦૭(૧)(ક), (સી)(૨), (૪) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફડચા), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની નિમણુંક કાયમ કરવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૦૭ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

એસ. આર. અણીયાળીયા
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
અમરેલી.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.10.09 14:36:08 IST